# “જબુગામ કોલેજ ખાતે ૭૨મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી”

કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામ ખાતે સવારે ૯.૦૦ કલાકે ૭૨મા સ્વાતંત્ર્ય દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીમાં કોલેજના તમામ વિદ્યાર્થીમિત્રો  તેમજ કર્મચારીમિત્રોએ ખૂબ જ ઉત્સાહ અને રસપૂર્વક ભાગ લીધો. કોલેજના આચાર્ય ડો. સુનિલ પટેલ દ્વારા ધ્વજવંદન કરાવવામાં આવ્યું. તેઓએ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પ્રાસંગિક ઉદબોધનમાં દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓની શહાદત એળે ન જાય તે રીતે રાષ્ટ્રહિતને સર્વોપરી રાખી કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેને દેશના વિકાસમાં સહભાગી થવા પર ભાર મૂક્યો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વિવિધ દેશભકિત વિષયક બેનમૂન કલાકૃતિઓ રજૂ કરી જેને ઉપસ્થિત સર્વે એ મન ભરી માણી.











